

# જેસર પ્રાથમિક શાળા

## સી.આર.સી : દોલતપરા, બી.આર.સી.-ડેસર, જિ : વડોદરા

# ચાલો વાચીએ,લખીએ અને ગણીએ



વર્ષ -૨૦૧૭/૧૮



## પ્રેરણા અને માર્ગદર્શન

શ્રી ડૉ. મુકેશકુમાર પટેલ
જિલ્લા પ્રોજેક્ટ-કો.ઓર્ડિનેટર
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, વડોદરા

## સંકલન અને આયોજન


શ્રી વનરાજસિંહ એચ. સોલંકી
આચાર્ય, જેસર પ્રા.શાળા તા.ડેસર, જિ: વડોદરા

# પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણમાં આપણે નામાંકન અને સ્થાયીકરણ તરફ સફળતાપૂર્વક આગળ વધી રહયા છીએ.હવે ઉચ્ચ ગુણવત્તા હાંસલ થાય એ અપેક્ષિત છે.તે માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે ગુણોત્સવનું આયોજન થાય છે.ગુણોત્સવમાં બાળકોના વાચન લેખન અને ગણન પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.ગુણોત્સવ બાદ તેના પરણિામોને આધારે શાળાના નબળા બાળકો માટે ઉપચારાત્મક કાર્ય કરવામાં આવે છે. આપણા સૌના સઘળા પ્રયાસો છતાંય હજુય કયાંક વાચન લેખન અને ગણનમાં આપણે કચાશ અનુભવી રહયા છીએ.

મિત્રો,જરૂર છે ચોકકસ આયોજન,કાર્યમાં ઉત્સાહ અને હકારાત્મકતા. આપણી કાર્યપ્રણાલીમાં પરિવર્તન લાવવુ પડશે.વિધાર્થીઓને શિક્ષકો ભણતા કરે,માત્ર માહિતી ન પીરસતાં,જીવનલક્ષી કેળવણી અને વ્યવહારુ જ્ઞાન પીરસે તે બાળકેન્દ્રી શિક્ષણનો પ્રધાન ઉદેશ્ય છે. વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી વર્ગખંડ અંદરની અને વર્ગખંડ બહારની અધ્યયન-અધ્યાપન પ્રવૃતિઓ જ આજના પ્રવૃતિલક્ષી શિક્ષણનો પાયો છે.

ચાલુ વર્ષે દોલતપુરા  સી.આર.સી.માં સમાવિષ્ટ જેસર શાળામાં ૧૫ જુન-૨૦૧૭ થી વાચન લેખન ગણન પ્રોજેક્ટ અમલમાં મૂકી રહયા છીએ.આમ તો આપણે ઉપચારાત્મક કાર્યના ભાગ રૂપે વાચન લેખન અને ગણન કરાવીએ છીએ પરંતુ આપણે એક ચોકકસ આયોજન અને સંપૂણ માર્ગદર્શન તથા વાચન લેખન ગણન માટેનું ચોકકસ વિષયવસ્તુ અને તે માટે જરૂરી ટી.એલ.એમ.,પ્રવૃતિઓ,રમતો વગેરે માટેની માર્ગદર્શક પુસ્તિકાનો ઉપયોગ કરી આયોજનપૂર્વક વાચન લેખન ગણન વર્ગખંડમાં કરાવી ૧૦૦% અપેક્ષિત પરિણામનો લક્ષ્યાંક સિધ્ધ કરીએ.

સારસ્વત શિક્ષક મિત્રો, શિક્ષક વર્ગખંડમાં પ્રવેશે ત્યારે જ તેમના આગમનથી મુશ્કેલીઓની બાદબાકી,પ્રવૃતિઓનો સરવાળો થઇ જાય,નિરસતા ભાગાકાર પામે અને જ્ઞાન અને ખુશીનો ગુણાકાર થઇ જાય.બાળકોની શીખવાની ગતિ અને ભિન્નતાને ઓળખી તે મુજબનું શિક્ષણકાર્ય કરી ગુણવત્તાલક્ષી શિક્ષણમાં કલંકરૂપ બાળકોની વાચન લેખન ગણન ક્ષમતાને ૧૦૦% સાર્થક કરીએ.

શ્રી વનરાજસિંહ એચ.સોલંકી
આચાર્ય,જેસર પ્રા.શાળા

# વાચન લેખન ગણન આયોજન

❖સી.આર.સી.:-દોલતપુરા

❖શાળાનું નામ- જેસર પ્રા.શાળા

❖સમયગાળો:-૧૫ જુન-૧૭  થી ૩૧ જુલાઇ-૧૭

❖ક્ષેત્ર:- ધોરણ ૨ થી ૮

❖દૈનિક આયોજન:-

| વિષય | સમય | મિનિટ |
|---|---|---|
| **વાચન/લેખન** | ૧૧:૨૦ થી ૧૨:૧૦ | ૫૦ |
| **ગણન** | ૨:૪૫ થી ૩:૩૦ | ૪૫ |

❖ વર્ગ સંચાલન :-

- ધોરણ:- ૨ - મુકેશકુમાર દાનાભાઇ પરમાર
- ધોરણ:- ૩/૪ - ખંડુભાઇ રઘુભાઇ પટેલ
- ધોરણ:- ૫ -વનરાજસિંહ હરેન્દ્રસિંહ સોલંકી

## માર્ગદર્શક સૂચનાઓ:-

- ધોરણ ૨ થી ૫ માટે ક્રમશઃ ૧ થી ૫ ના અભ્યાસક્રમને આવરી લેતા હેતુઓ નકકી કરેલ છે.
- ધોરણ ૬ થી ૮ માટે ૧ થી ૫ના ના અભ્યાસક્રમને આવરી લેતા હેતુઓ નકકી કરેલ છે.
- દરેક હેતુ માટે ૧ ગુણ નકકી કરેલ છે.
- જુન-૨૦૧૭માં પ્રથમ સત્રની શરૂઆતે વર્ગના તમામ બાળકોનો વાચન લેખન ગણનના નકકી કરેલા ધોરણવાર હેતુઓ પ્રમાણે પ્રિટેસ્ટ લેવો.
- પ્રિટેસ્ટ મુલ્યાંકનના આધારે બાળકોને કુલ ૧૦ ગુણ માંથી ગુણ આપવા.
- પ્રિટેસ્ટ મુલ્યાંકનના આધારે સરખા ગુણ ધરાવતા બાળકોનું જુથ બનાવી વર્ગખંડ માં આપેલ દૈનિક આયોજન પ્રમાણે ઉપચારાત્મક કાર્ય કરવુ.
- દરેક જુથમાં વર્ગખંડમાંથી સારુ વાચન લેખન ગણન કરતા હોશિયાર વિધાર્થીને બેસાડવા,જેથી આપણે એક જુથમાં શિક્ષણકાર્ય કરતા હોય ત્યારે બીજા જુથમાં પણ હોશિયાર વિદ્યાર્થી દ્વારા વાચન લેખન કે ગણન થતું હોય.
- વધુ નબળા બાળકો માટે વ્યકિતગત ઉપચારાત્મક કાર્ય કરવુ.
- પંદર દિવસના અંતે બાળકાનો પોસ્ટ ટેસ્ટ લેવો. બાળકાને શીખવેલ હેતુઓનુ મૂલ્યાંકન કરવુ.
- ઉપચારાત્મક કાર્યને વધુ સઘન અને અસરકારક બનાવવા જરૂરીયાત પ્રમાણે ટી.એલ.એમ. બનાવવા અને ઉપયોગ કરવો, વાચન સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવો.
- વાચન લેખન ગણન ને અનુરૂપ વિવધ પ્રવૃતિઓ કરાવવી અને વિવિધ રમતો રમાડવી.
- શિક્ષણકાર્ય ની પધ્ધતિઓમાં જરૂરિયાત પ્રમાણે બદલાવ લાવી બાળકાને સારી રીતે સમજ આપી શકાય તેવી પ્રવિધિ અને પ્રયુકિતઓ અપનાવવી.
- દરેક બાળકો પાસે લેખન અને ગણન માટે એક અલગ નોટબુક બનાવવી.

## વાચન લેખન વિષય વસ્તુ:-

- વાચનની શરૂઆત મુળાક્ષરોની ઓળખથી થાય છે.ત્યાર બાદ શબ્દોનું વાચન, સાદા સરળ વાકયોનું વાચન અને અંતે ફકરાનું વિરામચિહનોને ધ્યામાં રાખી ભાવવહી અને લયબધ્ધ વાચન.

- જે બાળકો મુળાક્ષરોની ઓળખ ધરાવતા નથી તેમને સૌ પ્રથમ મુળાક્ષરોની ઓળખ કરાવવી. તેના માટે મુળાક્ષર કાર્ડ અને તેને અનુરૂપ ચિત્રકાર્ડ નો ઉપયાગ કરવો.ન,મ,ગ,જ..... શ્રેણીમાં ક્રમશઃ એક એક મુળાક્ષરોની ઓળખ આપવી.એક સાથે બધા મુળાક્ષરાની ઓળખ આપતા બાળક ગૂંચવણ અનુભવે છે.અને મુળાક્ષરની ઓળખ ભૂલી જાય છે.

- ન,મ,ગ,જ..... શ્રેણીમાં ક્રમશઃ મુળાક્ષરોની સાથે સ્વર અને તેના ચિહનોની ઓળખ અને ઉચ્ચાર પણ શીખવવા. દા.ત. દ,ર,સ,વ મુળાક્ષરોની સાથે સ્વર આ અને તેનું ચિહન “ ા ” ની ઓળખ આપી તેના શબ્દોનું વાચન કરાવી શકાય જેમ કે. દામ, નામ, રાજા વગેરે. અને સાથે સાદા અને સરળ વાકયાનું વાચન પણ કરાવી શકાય.

- જ્ઞ, ક્ષ, ત્ર, શ્ર જેવા જાડાક્ષરો અને ષ, ઋ જેવા મુળાક્ષરોની ઓળખ કરાવી તેના ઉચ્ચારનો બરાબર મહાવરો કરાવવો.

- મુળાક્ષરોની ઓળખ અને શબ્દો તથા સાદા અને સરળ વાકયોના વાચન બાદ ફકરાના વાચનનો મહાવરો કરાવવો.ફકરાનું વિરામચિહનોને ધ્યામાં રાખી ભાવવહી અને લયબધ્ધ વાચન કરી શકે તે માટે પૂર્ણવિરામ (.), અલ્પવિરામ (,) , પ્રશ્નાંથ

ચિહ્ન (?), ઉદ્ગાર ચિહ્ન (!) વગેરેની સમજ આપવી. ત્યારબાદ બાળકોને ભાવવહી અને લયબધ્ધ વાચનના આર્દશ નમુના પુરા પાડવા જોઇએ.

- લેખન માટે પણ ઉપરના તબ્બકાને અનુસરવુ જોઇએ. ભાષા શિક્ષણના ચાર કૌશલ્યો શ્રવણ, કથન,વાચન, લેખન માં ક્રમશઃ અંતે લેખન કૌશલ્યનો વિકાસ થાય છે. એટલે કે બાળકો જે શબ્દો, વાકયોનું વાચન કરી શકે છે તેવા શબ્દોનું જ લેખન કાર્ય કરાવવું જોઇએ.
- વર્ગખંડમાં જે મુળાક્ષરો,શબ્દો કે વાકયોનું વાચન લેખન કાર્ય કરાવ્યું હોય તેજ મુળાક્ષરો,શબ્દો કે વાકયોના વાચન અને લેખન માટે ગૃહકાર્ય આપવું તથા બીજા દિવસે તેને બિનચૂક તપાસી ભૂલો બાળકો પાસે જાતે સુધારાવવી તેમજ તેનુ પુનરાવર્તન પણ કરાવવું.

❖ ન, મ, ગ, જ

જન મન જમ ગજ મગ નમ જગ ગમ મગજ મનન જનમ
નમન જગન ગગન મગન ગજન

**નમ – નમન મગ – મગન ગમ – ગમન**

**જગ – જગન ગજ – ગજન મન – મનન**

❖ દ, ર, સ, વ ા (કાનો )

**દસ રસ વર રમ નર દવ વદ નસ રન**

**જવ મર સર સાદ નાદ રામ માગ ગામ વાસ**

**જાન ગાન રાન  જાગ ગાજ માન વદ  નસ રન**

વાર દવા દાન  રાજા નામ માન રાસ સાર

સરસ વરસાદ સરદાર રસાદાર વારસ દાવ સારસ વારસદાર

**જમ રમ  મગ – મગર દમ– દમન**

**ગરમ જમ સરસ રમ  વર – વાર ગજ – ગાજ**

**રસ – વરસ રસ – સરસ રમ – રામ જન – જાન**

**જન– વજન જન – ગજન  રસ – રાસ ગમ – ગામ**

**મન – નમન રમ– ગરમ  સર – સાર  મગ – માગ**

**સર – સાર  મગ – માગ  નમ– નામ  દમ – દામ**

**દસ – દાસ  રામ – રાજા  મારા– મામા  સારા – દાદા**

**વાસ – રાસ  માગ – નાગ  નાના રાજા  સારા દાદા  મારા મામા**

❖ ન, મ, ગ, જ, દ, ર, સ, વ, ા (કાનો )

ગામ,ગાગર, સાગર, સાવજ, વાનર, નમાજ, રવાના જવારા,જવાન,સાગ,દાસ, દરદ,

વન, મારગ, માન, સાદ, વરસ, મગજ, નમાજ, દર, મસાજ, વનરાજ, જમાદાર,

જનાવર,ગજરાજ, વામન, ગાજર, ગરમાગરમ

❖ ક, બ, અ, છ ` ( એક માત્ર)

**બામ આમ કામ  અમર કાનન કમર**

જનાવર બજાર અવાજ    અજગર અજબ મગજ

ગાજર કાબર બદામ    વરદાન દાદર ગગન

નાગર છાબ જાગ    જમ જેમ  બસ બેસ

છક છેક   મન મને   આમ એમ   કામ કેમ

અમે અમને  બેસ. બેસે. બેસે છે.

કર. કરે. કરે છે.   આવ. આવે. આવે છે.

આમ આવ. બેસ.  કામ કર. બસ કર. આ મામા છે.  આ કાકા છે.

આ બા છે.   બા કામ કરે છે.   આ બેન છે.  બેન રમે છે.

## ❖ પ, ડ, ત, ણ, િ (હ્રસ્વ ઇ) , ી (દીર્ઘ ઈ )

પડ વડ રડ અડ   તર દર ડર વર   કણ રણ ગણ વણ   માપ કાપ
આપ છાપ  વાવ આવ દાવ તાવ   વાત સાત રાત નાત

પડ પાડ  પાડે છે.  જમ  જમાડ જમાડે છે.   રમ  રમાડ  રમાડે છે.  વડ  વાડ
વાડી   પડ પાડ પાડી   વાડી પાડી સાડી નાડી

છાતી રેતી    વાસી રાણી    કણી મણી    કેડી છાની

તર – તીર    મામા – મામી    વર – વીર   કાકા – કાકી

બીક – નીક    માસા– માસી    છડી – ગડી    એડી – કેડી    પાણી – રાણી
કેરી – વેરી    નાના – નાની    દાદા – દાદી

રમ– રમીએ– અમે રમીએ છીએ    જમ–જમીએ–અમે જમીએ છીએ

તર–તરીએ – અમે તરીએ છીએ.

**આ નદી છે. નદીમાં પાણી છે. પાણીમાં એક નાવડી છે. નદી અમને ગમે છે.**

**આ રેતી છે. રેતીમાં અમે રમીએ છીએ. રેતી અમને ગમે છે.**

**આ વડ છે. વડ પર અમે રમીએ છીએ. વડ અમને ગમે છે.**

બકરી, રિવાજ, કિનારી, મિનારા, રકાબી, દિવસ

રવિવારની રજા. રીના રમવા આવ. કાબરી બકરી આવી. આ

મારી મામી

બીનાની છીછરી રકાબી. સીમા અમદાવાદ જા રેતી ગરમ છે. ગરમ તાવડી,

ગરમ પાપડી

વણકર કાપડ વણે. આ આગગાડી છે. કવિતા ગાવાની મજા આવી.

લીમડાના પાન દવા સમાન. રજાના દિવસે મજા પડે.

ગરમી આકરી લાગે છે. બતક પાણી પર તરે છે.

- ન, મ, ગ, જ, દ, ર, સ, વ, ા (કાનો )
- ક, બ, અ, છ ે (એકમાત્ર) પ, ડ, ત, ણ, િ (હ્રસ્વ ઇ) ી (દીર્ઘ ઈ )

પરી આવી, પાકી કેરી લાવી. , વરસાદ વરસે છે.

મને કેરી આપ. પરબત કેરી કાપ. મને મામા મામી ગમે છે.

અમે તાપણી તાપીએ છીએ. કાબર પાણી પીવે છે.

અનિતા જમે છે. છગન રમત રમે છે.

આજે સરસ અવસર છે. અસવાર આવે છે.

આવજે. મારા ઘેર આવજે. મજા પડી.

નામ લખ. છ નામ લખ. પાણી આપ.

સાદ પાડ. કેરી કાપ. વાડીએ જા. પાકી કેરી આપ.

બને છે. સેવ બને છે. મગન સાદ પાડ. એક કેરી કાપ.

મામાની વાડીએ જા. મામાને પાણી આપ. રમવાની મજા પડી.

- લ, ટ, ચ, ખ ં (અનુસ્વાર)

પંખી રંગ ચંપલ પલંગ ગંદકી સંગ નંગ લંગર

લંગડી બંગડી પતંગ જંગલ

નાની બંગડી લીલી બંગડી લાલ પતંગ લીલી પતંગ

મારા ચંપલ તારા ચંપલ

વસંત દાણા નાખે છે. પંખી દાણા ચણે છે.

વસંતને ચકલી ગમે છે. મને કાબર ગમે છે.

ચકલી આવ,દાણા ચણ. કાબર આવ દાણા ચણ.

પંખી. રંગબેરંગી પંખી. આંગણામાં પંખી આવે.

ચકલી આવે છે. કાબર આવે છે. ચકલી ચીં ચીં કરે છે. કાબર કલબલ કરે છે.

- ઝ, હ, ઘ, ળ ુ ( હ્રસ્વ ઉ ) ૂ (દીર્ઘ ઊ)

ઘર હળ નળ મળ ઝાડ ઘાસ ઘાટ હાડ હરણ તળાવ

વાદળ હળદર ગળણી ચાળણી બરણી હાટડી ટપાલી હલેસું છાબડી
મરઘી પાઘડી (ૃનચ્ૡ (ૃછમૡ નૃનચ્ૡ શ્રચ્ઋી

પીછું – કેળુ વાજું – ડુંગર જમું – ગુંદર

આપ – આપું ઝાડ – ઝાડું રમ – રમું

કેળું – કેળા પીછું – પીછાં રીંગણું – રીંગણાં

મરચું – મરચાં ઝરણું – ઝરણાં ગાડું – ગાડાં

મરચું – પગલું ટીપું – બાપું સાબું – ચાલું

કાપ – કાપું છાપ – છાપું છાણ – છાણું

ઘેટું – ઘેટાં કાણું – કાણાં છાણું – છાણાં

પગલું – પગલાં લાકડું – લાકડાં ટીપું – ટીપાં

અમારા ગામમા એક તળાવ છે.

તળાવમાં ચાર કાચબા છે. તળાવમાં બે બતક છે.

પાણીમાં ગુલાબી કમળ છે. પાણીમાં માછલી પણ છે.

માછલી પાણીમાં આમતેમ તરે.

અમે એમને મમરા નાખીએ. તળાવમાં દેડકાં પણ છે.

તળાવ પાસે ઘણાં ઝાડ છે. લીમડાનું ઝાડ છે.

વડનું ઝાડ છે. જાંબુનું ઝાડ છે. ઝાડ પર ચડવાની મજા પડે.

આ ઘર છે., જળ એ જીવન છે. ઘુવડ રાજા રાતે જાગે.

આ હળ છે.   ખેડુ હળ ચલાવે,  ખેતર ખેડે.     સવારે ઝાકળ પડે ,પાન ઝળકે.

ગાડી બાલે છુક... છુક...છુક.,    હેતલ  ઝટપટ રમવા ચાલ.

ઘુવડ રાજા રાતે જાગે.    બાળકો ઘરઘર રમે છે.   ચાલ હુતુતુતુ રમીએ.

- ભ, ય, ધ, ફ  ે  ો  ૌ( બે માત્રા,કાનો માત્ર,કાનો બે માત્રા)

**ભર  ભેંસ  યાદ  ફર  ભણ ધજા  જીભ ધીરજ  ફરાક ધમણ ભજન**
**ફીરકી  ધરતી  ફુદરડી  પાયો  ભીંત ઘોડો**

**વારો  વંદો  હીંચકો  કાળો મંકોડો લખોટી મોતી કોલસો**

**ભર – ભરો  ભીંત – ભીંતો    ફર – ફરો   બળદ – બળદો**

**ગાય– ગાયો   ખેતર – ખેતરો  ભેંસ – ભેંસો  બાંય – બાંયો**

**ચણો – ચણા   વાંદરો –વાંદરા  કાંસકો – કાંસકો  ઘોડો– ઘોડા**

**ફેંટો – ફેંટા  ચમચો – ચમચા**

ટપાલ,  ખાટલો,  ચોખા,  કૌરવ, મૌખિક,  ચકલી,  ખોટી, કૌવત,  ગૌસેવા, મૌલિક,

ગૌતમ,

ટપાલી ટપાલ લાવે.,  મૌખિક દાખલા ગણ.  ચાર લખોટી છે.

લે, આ ચોકલેટ ચાખ. ,  લખોટાની ટોપલી લાવ.  કૈલાસ રમે છે.

રામનો ચૌદ વરસનો વનવાસ,  નૌકા પાણીમાં તરે છે.

એક લોટો પાણી લાવો,   બા રોટલી બનાવે છે.

રામ રાખે તેને કોણ ચાખે. , સો કૌરવો લડે છે.

આ અમારું ખેતર છે.   બાપા અને કાકા કામ કરે છે.

તેઓ ખેતર ખેડે છે.   ખેતર પાસે કૂવો છે.   કૂવા પર પંપ છે.

ધોધની જેમ પાણી આવે.   એની  નીચે નાહવાની મજા આવે.

બપોરે બા ખાવાનું લાવે.   બાપા બળદોને ઘાસ નીરે.

અમે આંબા નીચે બેસીએ.  જમીએ અને આરામ કરીએ.

પછી પાછા કામે જઈએ.

કૂતરો – કૂતરા     દડો – દડા     ખભો – ખભા

ફુવારો –ફુવારા     કાચબો – કાચબા     ગોળો – ગોળા

કૂવો – કૂવા     રોટલો – રોટલા     છોકરી – છોકરો

કાંકરી – કાંકરો     ભારી – ભારો     ખીલી – ખીલો

ગોટલી – ગોટલો     ટોપલી – ટોપલો     કાળો  નાગ.  ધોળો  ઘોડો.

ગાય ખાય  ઘાસ.  ઘોડો  ખાય ચણા .  સફેદ  ખમીસ.   નાનો  ગોટલો

વાંદરો  ખાય કેળું.  બકરી  ખાય પાંદડા.

કબૂતર બોલે  ઘૂ ઘૂ  ઘૂ ઘૂ....  કોયલ કૂજે કૂ...કૂ...કૂ..કૂ...

ભમરા ગૂંજે ગૂં...ગૂં...ગૂં...ગૂં....

સાપ બોલે ફૂ...ફૂ...ફૂ....ફૂ....

- ❖ ન, મ, ગ, જ,  દ, ર, સ, વ, ા (કાનો )
- ❖ ક, બ, અ, છ   ે (એકમાત્ર)   પ, ડ, ત, ણ,   િ (હ્રસ્વ ઇ) ી (દીર્ઘ ઈ )

❖ લ, ટ, ચ, ખ ં (અનુસ્વાર) ઝ, હ, ઘ, ળ ુ ( હ્રસ્વ ઉ ) ૂ (દીર્ઘ ઊ)

❖ ભ, ય, ધ, ફ ૈ ો ૌ ( બે માત્રા, કાનો માત્ર, કાનો બે માત્રા)

વણકર કાપડ વણે. વૈદકાકા દવા આપે.

આ માણસ પૈસાદાર છે. આ આગગાડી છે.

આપણે સૈનિક સૈનિક રમીએ. કવિતા ગાવાની મજા આવી.

લીમડાના પાન દવા સમાન. રજાના દિવસે મજા પડે.

જમના દાડમ લાવ., હસુમતિ ખડખડાટ હસે છે.

ઝરમર વરસાદ વરસે છે. વરસાદ બહુ પડે છે. હોડી તરે છે.

મોર થનગનાટ કરે છે. મણિલાલ નાચે છે. ગૌમાતાની સેવા કરો.

મનોજ હળ ચલાવે છે. રામ તીર ચલાવે છે.

ચૈતાલી વૈદ છે. સુદામા સુદામાપુરીના હતા. બુધ પછી ગુરુ આવે.

પાણી અને વાણી વિચારીને વાપરો. ગૌરવ ઝગમગ આપ.

આજે અકબર-બિરબલની વાત કહેવી છે.

જાદુગર જાદુના ખેલ કરે. સુથાર દરવાજા બનાવે છે.

ભારતમાતાની જય બોલો, દરેક ભારતીય સુખી થાય, ધૂળ- ધાણી.

નફો એટલે ફાયદો. ખોટ એટલે ગેરફાયદો. ઝબૂક વીજળી ઝબૂક

યમુનાના નીર ખળખળ વહે. કાનુડો મોરલી વગાડે છે. કૂતરો ખૂબ ભસે છે.

ખેડૂત ખેતર ખેડે છે. કબૂતર ઘૂ....ઘૂ... બોલે છે.

કૂકડો સૌને જગાડે. સૂરજદાદા આવે અજવાળા લાવે. ધારિણી મમરા ખાય છે.

## ❖ ઢ, ઠ, ઈ, ઈ

ટાઢ ઢગલો ઠંડી ઠેકડો આઠ સાઈકલ ઠાઠ ઈનામ પતંગિયું

ઠામ ઈયળ ઈદ ઈંડું રાઈ લાઠી ઢેલ ઢોલ ખિસકોલી

કિનારો દરિયો વિમાન દિવાળી ઠળિયો ઘડિયાળ હીંચકો

રેડિયો મંદિર નાળિયેર મીઠાઈ પિચકારી બિલાડી

મારા મામાના ગામ પાસે દરિયો છે.

દરિયો એટલે પાણી જ પાણી.દૂર દૂર સુધી પાણી.

એમા હોડી તરે.જહાજ તરે.દરિયામાં મોટા મોટા મોંજા આવે.

દરિયામાં નાહવાની મજા.છીપલાં વીણવાની મજા.

ભીની રેતીમાં પગલાં પાડવાની મજા.

રાતે દીવાદાંડી અને જહાજ જોવાની મજા.

કિનારે સરસ નાળિયેરી હોય.પવન વાતાં એ આમ તેમ ડોલે.

લીલા નાળિયેરી નું મીઠું મીઠું પાણી.દરિયાનું પાણી તો ખારું ખારું.

ઈલા ઈમાનદારની છોકરી છે.

મીઠાઈ સૌને ભાવે છે.

ગોવાળિયો ઢોર ચરાવે છે.

ડાકોરમાં ઠાકોર રહે છે.

ઢેલને જોઈ મોર નાચે છે.

બોરનો ઠળિયો કઠિન હોય છે.

હોળી આવે અને ઢોલ ઢબૂકે છે.

❖ **શ, થ, ઉ, ઊ**

નિશાળ ઉનાળો પથરો ઊંટ થાક શંખ ઊંઘ હાથી શીંગ થાળી ઉપાડ શીશી

થેલો ઊંધું હાથ છાશ શિકાર શિયાળ ઉતાવળ શનિવાર ઊધઈ ઊંચાઈ ઉખાણું

ભીંડાનું શાક તુવેરની દાળ કાકડીનું કચુંબર કાચની શીશી

લાકડાની ખુરશી લોખંડનુ ટેબલ હાથીની પૂંછડી ગાયના શિંગડાં

વહેલા ઊઠવું. દાંત સાફ કરવા. કોગળા કરવા. સાબુથી નાહવું.

કાંસકીથી વાળ ઓળવા. વડીલોને પગે લાગવું. શાંતિથી જમવું.

નિશાળે ભણવું. ભણી ગણી મોટાં થવું.

ઉંદર ઉંદર અનાજનો બગાડ કરે છે.

ઊંટ ઊંટ એ રણનું વાહન છે.

શંકર શંકર ભગવાન કૈલાસ પર્વત પર રહે છે.

નિશાળ મારી નિશાળ સુંદર છે.

ઉનાળો ઉનાળામાં ખૂબ ગરમી પડે છે.

ઉપાડ બેંકમાંથી પૈસાનો ઉપાડ થાય.

ઊંચાઇ કૌશલની ઊંચાઇ રમેશ કરતાં વધારે છે.

શનિ આજે શનિવાર છે.

## ❖ ષ, ક્ષ, જ્ઞ, શ્ર, ત્ર, ઋ, રૂ

| ષટકોણ | વિષાદ | નિષાદ | મૂષક | વિદૂષક | ઉષા | અષાઢ | વાત્રક | જ્ઞાની | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્રિશૂલ | ત્રાજવું | નેત્ર | ચૈત્ર | સત્ર | મિત્ર | છાત્ર | માત્ર | જ્ઞાન | |
| વિજ્ઞાન | યજ્ઞ | ક્ષણ | ક્ષત્રિય | ક્ષય | ક્ષમા | ક્ષેત્ર | ક્ષાર | ક્ષોભ | ક્ષિતિજ |
| શ્રમ | શ્રેય | શ્રોતા | શ્રાપ | શ્રવણ | શ્રમિક | ઋણ | ઋતુ | ઋષભ | ઋષિ |
| આશ્રમ | રૂપિયો | રૂઠવું | મશરૂમ | રૂમાલ | રૂમ | શ્રી | શ્રાવણ | વિચિત્ર | પરીક્ષા |

ઋષભ વાંચે છે. આ ઋગ્વેદ છે. ઋષિ યજ્ઞ કરે છે.

શ્રવણ કાવડ લઈને ગયો. પાણીમાં ક્ષાર હોય છે. ક્ષય એક રોગ છે.

આ રૂમ સારો છે. ઋષિએ શ્રાપ દીધો. રૂમાલ વાપરો

ક્ષમા આપો. શ્રમ કરવો. ઋતુ બદલાય છે. ક્ષત્રિયના હાથમાં તલવાર છે.

## ❖ દંડવાળા મૂળાક્ષરોથી બનતા જોડાક્ષરો.

| કચ્ચર | ખચ્ચર | જબ્બર | રબ્બર | ગમ્મત | લખ્ખણ | દખ્ખણ | થપ્પી |
|---|---|---|---|---|---|---|---|
| રસ્સી | ઝભ્ભો | મુલ્લા | રસગુલ્લા | બચ્ચું | ડબ્બો | લસ્સી | બચ્ચો |
| મમ્મી | પપ્પા | મુન્ની | ચુન્ની | ગપ્પાં | જપ્પી | પન્ના | મુન્ના |
| ટક્કર | ગુબ્બારો | શક્કરિયું | થપ્પો | ધક્કો | એક્કો | સક્કરટેટી | પટ્ટો |
| બુટ્ટી | મુઠ્ઠી | ચડ્ડી | કબડ્ડી | ચિઠ્ઠી | માપપટ્ટી | લક્કડખોદ | સ્લેટ |
| પ્લેટ | કાવ્ય | શબ્દ | અબ્દુલ | એકલવ્ય | મગ્ન | ખ્યાતિ | સ્વાતિ |
| સત્ય | અસત્ય | નાસ્તો | ખ્યાલ | શિલ્પા | કલ્પેશ | સસ્તું | ગુપ્ત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **અલ્પેશ** | મસ્તી | પુષ્પ | વૈરાગ્ય | બખ્તર | બમ્પર | લાવણ્ય | અલ્પાહાર |
| **કલ્પના** | ચિત્રાત્મક | પરિસ્થિતિ | સરસ્વતી | વનસ્પતિ | આરોગ્ય | યોગ્ય | સુસ્ત |
| **ચુસ્ત** | અનન્ય | ભાગ્ય | વન્ય | લશ્કર | નાવીન્ય | શૂન્ય | ધાન્ય |

વાંચ - વાંચ્યો લાગ - લાગ્યું વાગ - વાગ્યું લખ - લખ્યો

આવ - આવ્યો બોલ - બોલ્યો ઊગ - ઊગ્યો વાંચ - વાંચ્યો

વાળ - વાળ્યું રમ - રમ્યું આપ - આપ્યું ઊંઘ - ઊંઘ્યો

ચાલ-ચાલ્યો જાગ- જાગ્યો કાપ -કાપ્યો માગ - માગ્યું

લાવ- લાવ્યો ભણ- ભણ્યો ચણ- ચણ્યું નાખ- નાખ્યું

❖ દંડવગરના મૂળાક્ષરોથી બનતા જોડાક્ષરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **ક્યાં** | **ક્યારે** | **કહ્યું** | **દોડ્યો** | **પડ્યો** | **રડ્યો** | **થાક્યો** | **રહ્યું** | **વાક્ય** | **કાઢ્યાં** |
| **ખૂટ્યાં** | ડાહ્યો | ઊઠ્યો | ચડ્યો | કૂદ્યો | નાહ્યા | ક્યારો | જ્યારે | અસહ્ય | સહ્ય |

❖ અન્ય જોડાક્ષરો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **પ્રકાશ** | **પ્રાર્થના** | **પ્રક્રિયા** | **પ્રધાન** | **પ્રચાર** | **પ્રસાર** | **પ્રાણ** | **પ્રકાર** | **પ્રસાદ** |
| **પ્રેમ** | પ્રવિણ | પ્રસિદ્ધ | ટ્રેન | રાષ્ટ્ર | ડ્રમ | ડ્રેસ | ડ્રોઈંગ | ડ્રોપ |
| **દ્રવ્ય** | શુદ્ધ | બુદ્ધ | પૃષ્ઠ | સૃષ્ટિ | નૃપ | કૃપા | મૃગ | ગૃહ |
| **કૃતજ્ઞ** | સુકૃત | ગર્વ | સર્વ | હર્ષ | સર્પ | કર્જ | ચર્ચ | તર્જ |
| **વર્ષા** | ચર્ચા | સમર્પણ | આચાર્ય | તર્પણ | અર્પણ | શર્મિલા | આશીર્વાદ | તર્ક |
| **ચંદ્ર** | રુદ્ર | વ્રજ | વ્રત | ક્રમ | વિક્રમ | અક્રમ | મૃદંગ | શ્વાન |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **શ્વેત** | સત્તર | અત્તર | ઉત્તર | પશ્ચિમ | નિશ્ચય | પદ્મ | પદ્માસન | વિદ્વાન |
| **દ્વારકા** | વિદ્યા | વિદ્યાર્થી | ઉદ્યોગ | પ્રવૃતિ | સ્વર્ગ | સ્પર્ધા | પ્રગાઢ | માતૃછાયા |
| **પ્રતિજ્ઞા** | ઉષ્ટ્ર | મૃત | સર્વત્ર | અર્ક | શ્વાસ | દ્વાર | | |

## ❖ *વાચન-લેખન ટી.એલ.એમ.*

૧. મુળાક્ષર ર્કાડ

૨. મુળાક્ષર ચિત્રો

૩. મૂળાક્ષર પટ્ટીઓ

૪. શબ્દ કાર્ડ

૫. વાકય પટ્ટીઓ

૬. ચિત્ર અને તેના શબ્દ કાર્ડ

૭. ચિત્રવર્ણન માટે વિવિધ ચિત્રો ,પેપરના કટીંગ્ઝ

## ❖ *વાચન-લેખન માટે સંદર્ભ સાહિત્ય:-*

૧. અર્લીલીડર ૧ થી ૨૦

૨. સચિત્ર બાળપ્રજ્ઞાપોથી.

૩. ધોરણ-૧ પાઠયપુસ્તક (જુનો અભ્યાસક્રમ )

૪. ફુલછાબપોથી

૫. ધોરણ-૧ અનેર પ્રજ્ઞા સ્વાધ્યાયપોથી

૬. ધો-૧થી ૨ વિષય વસ્તુ તાલીમ મૉડ્યુલ વર્ષ-૨૦૧૨/૧૩

## ❖ ઈ- મટીરીઅલ્સ

૧. વાચન માટે મૂળાક્ષર,શબ્દો, વાક્યોનું પી.પી.ટી

૨. ફૂલપાંદડી એપ્લિકેશન-એન્ડ્રોઇડ ફોન.

❖ *પ્રવૃતિઓ:-*

૧. ખુટતા મુળાક્ષર લખી અર્થપૂર્ણ શબ્દ બનાવવા

દા.ત.:કા.....ળ,  પ....ગિ.....,  કા.....ર,  આ.....શ

૨. .ચિત્ર જોઇને ખુટતા મૂળાક્ષર લખો

દા.ત.  ક.....તર

 બ....દ.....ડું

૧.શબ્દકાર્ડ ને ક્રમમાં ગોઠવી અર્થપૂણ વાકયો બનાવો અને લખો.

દા.ત.: ઘાસ ખાય છે ગાય.

વાકય: ગાય ઘાસ ખાય છે.

૧. આપેલા મૂળાક્ષર પરથી શબ્દો બનાવો અને લખો.

દા.ત.: પ, મ, ર, વ, જ, ક, ન, થ.

શબ્દો: પવન, મકાન, રવ, વર, જગત, કમળ, નળ, થડ

૨. શબ્દ પરથી અર્થપૂર્ણ વાકય બનાવો.

દા.ત.: કેરી

વાકય: કાચી કેરી ખાટી લાગે છે.

૩. કોઇ એક વિષય આપી તેના પર સ્વતંત્ર લેખન કરાવવુ.

દા.ત:- પોપટ,

૪. ચિત્ર ને આધારે વાકયલેખન કરાવવુ.

( વિવિધ પશુ,પંખી,કુદરતી દશ્ય વગેર ચિત્રો મૂકવા )

૫. વાકય જોડી ફકરો બનાવવો.

૬. વિદ્યાર્થીઓ પાસે તમને મનગમતા વાકયો બાલાવીને લખાવવા.એમાંથી અનુસંધાન જળવાઇ રહે તે રીતે ગોઠવી ફકરારૂપી લખવા.

દા.ત.:

| |
|---|
| ઝંખના મારી બહેન છે. |
| તે શિક્ષિકા છે. |
| કમલેશ મારા ભાઇ છે. |
| તે શહેરમાં રહે છે. |

૭. સમાન મૂળાક્ષર અને સમાન શબ્દોની જોડી બનાવવી.:-

બાળકાને જૂથમાં બેસાડી. દરેક જૂથને દરેક મૂળાક્ષર અને શબ્દાના બે કાર્ડ મળે તે રીતે બધા મળીને

આંઠ કાર્ડ આપવા સરખા લાગતા બે મૂળાક્ષરોની અને બે શબ્દોની જોડી બનાવવા કહેવુ.ભૂલ કરનાર જુથના સભ્યાનેમૂળાક્ષર અને શબ્દોની સાચી ઓળખ કરાવવી.

૮. પરિચિત શબ્દોનું કોષ્ટક બનાવી શબ્દ બનાવવા.

| | | | | |
|---|---|---|---|---|
| ફૂ | ટા | કો | બી | જ |
| લા | મે | બ | ટ | ખ |
| વ | ટા | ણા | ગ | લ |
| ર | પ | ર | વ | ળ |

૯. સમાન ઉચ્ચારવાળા શબ્દો બનાવવા......અર્થને મહત્વ આપવાનું નથી.

ઉ.દા. મોર,જોર,શોર,....

સીતા,ગીતા,નીતા...

૧૦. આપેલ શબ્દયાદી પ્રમાણેના શબ્દો કોષ્ટકમાં આપેલ અક્ષરને અનુરૂપ લખો.

( વરસાદ,દશરથ,જનક,નમ,મન)

| | | | | |
|---|---|---|---|---|
| | વ | જ | ન | |
| | | | | ન |
| | | | | |
| | દ | | ર | |

## ❖ રમતો:

### ૧. શોધાશોધની રમત:

વસ્તુઓ:-અક્ષરકાર્ડ,શબ્દકાર્ડ,શબ્દને અનુરૂપ ચિત્રો,અક્ષર ચાર્ટ

(૧).અક્ષરકાર્ડ કે શબ્દકાર્ડનો ઢગલો કરવો.અક્ષર ચાર્ટ માં એક અક્ષર નીચે આંગળી મૂકી તે અક્ષરનુ

નામ કહી બાળકાને કહેવુ,મને ઢગલામાંથી કોણ શોધી આપે? ચિત્ર બતાવી તે ચિત્ર ને અનુરૂપ શબ્દ-

કાર્ડ શોધાવવુ.

(૨) તમામ બાળકોમાથી એક બાળકને બોલાવી ઢગલામાંથી કાર્ડ શોધવા કહેવુ.

(૩) બાળક શોધે પછી ચાર્ટ કે ચિત્રકાર્ડ સાથે સરખાવવુ.અને પૂછવુ તે શાનું કાર્ડ છે.

૨. એક થી અનેકની રમતઃ

(૧) બાળકોને કોઇ એક અક્ષર કહો અને તેમને કહો કે તે અક્ષર પરથી શરૂ થતા જેટલા શબ્દો બોલી શકાય તેટલા બોલો અને લખો.

૩. <u>શબ્દઅંતાક્ષરીઃ-</u>

- શિક્ષક શબ્દ બોલે /બાળકો એના અંતિમ અક્ષર ઉપરથી શકય એટલા શબ્દો બાલી લખે.

૪. બોલો અને શાધો સાંભળો અને શોધો.(શબ્દ ચાર્ટ)

- બાળક શબ્દ બોલી ચાર્ટમાંથી શોધે.
- શિક્ષક બાલે ,બાળક સાંભળી શોધે.

૫. રૂમાલ ઉઠાવોઃ-

- ચાર ચાર બાળકોને સામ સામેની દીવાલ નજીક બે હારમાં બેસાડવા.દરેક બાળકને ગ,મ,ન,જ મુળાક્ષર આપવા બંને લાઇનમા ચારેય મૂળાક્ષર એક એક બાળક પાસે હશે. બંને ટુકડીની વચ્ચે રૂમાલ મુકવો. શિક્ષક મૂળાક્ષરના નામનો ઉચ્ચાર કરશે.દા.ત.ગ,જે બે બાળકો પાસે હશે તે દોડીને રૂમાલ લઇ લેશે. જે રૂમાલ પહેલા લઇ લે તે જીતે.

## ❖ <u>વાચન કરાવતી વખતે રાખવાની કાળજીઃ-</u>

- સામાન્ય રીતે બાળકો વાચનમાં નીચે જેવાં વાચનદોષ કરે છે, બાળક મોટેથી વાંચે ત્યારે શિક્ષકે આ સંદર્ભે પૂરતી કાળજી લેવી અને વ્યકિતગત માર્ગદર્શન પુરૂં પાડવું

૧. ખૂબ જ ધીમેથી વાંચવુ.(ગતિ ઓછી, અવાજ નીચો)

૨. શીઘ્રતાથી (ઝડપથી વાંચવું)

૩. એક જ શબ્દ વારંવાર વાંચવો.

૪. વાંચતા વચ્ચે બિનજરૂરી રૂકાવટથી વાંચવું.

૫. અશુધ્ધ ઉચ્ચારણ કરવું.

૬. કોઈ અક્ષર, શબ્દ વાકય કે લીટીનું વાચન ચૂકી જવુ.

૭. જોર જોરથી વાચવું. (અવાજ ઊંચો)

૮. અયોગ્ય લય-ગતિથી વાંચવું.

૯. વિરામચિહ્નોનું ધ્યાન ન રાખવું.

૧૦. નવો જ શબ્દ જોડીને વાંચવું.

૧૧. ગાઈને વાંચવું

૧૨. વાંચતી વખતે શરીરનું બિનજરૂરી હલન ચલન કરવું.

૧૩. અયોગ્ય સ્વભારથી વાચવું.

૧૪. વાચતા વચ્ચે બિનજરૂરી ધ્વનિનું ઉચ્ચારણ કરવું.

૧૫. પુસ્તક બિલકુલ નજીક રાખી કે જરૂર કરતાં વધારે દૂર રાખી વાચવું.

૧૬. પુસ્તક પકડવાની રીત બરાબર ન હોવી.

૧૭. વારંવાર ગળું ખોંખારવું

૧૮. પ્રાદેશિક ઉચ્ચારણો સાથે વાચવું.

૧૯. અનુસ્વાર ,રેફનો ખ્યાલ રાખ્યા વિના વાચવું.

➢ શિક્ષક આવૃતિમાં જુદી જુદી જગ્યાએ આ સંદર્ભે શિક્ષકને માર્ગદર્શન મળે તેવી ટૂંકી વિગત આપી છે. આ ઉપરાંત નીચેની બાબતો પણ ધ્યાનમાં રાખવી.

- વર્ગમાં પાઠોનું વાચન વારાફરતી દરેક બાળક પાસે કરાવવાનું જ રહેશે. ટૂકમાં વાચન માં દરેક બાળકને સામેલ કરવા.
- શિક્ષકે આર્દશ વાચનનો નમૂનો પૂરો પાડવો વાચનમાં બાળકો આરોહ અવરાહ સાથે

વાચન કરે તે ધ્યાને રાખવું.

- બાળક જયારે વાચન કરતું હોય ત્યારે વાચનમાં પડતી ભૂલો સુધારવા માટે શિક્ષકે તેની પાસે જ રહેવુ .હોશિયાર બાળકને પાસે રાખીને પણ વંચાવી શકાય.

- બાળકને જયારે ઘરેથી વાચન કરવાનુ કહેવામાં આવે ત્યારે બાળક તેના વાલી ,સાથી મિત્ર, કે પોતાના ભાઈ - બહેન પાસે બેસીને વાચન કરે તેવો આગ્રહ રાખવો જેથી વાચનમાં પડતી ભૂલો તેમના માર્ગદર્શનથી સુધારી શકે.

## ➢ લેખન કરાવતી વખતે રાખવાની કાળજી

૧. બાળકને શ્રવણ,કથન,અને વાચનનાં અનુભવો પુરા પાડયા બાદ લેખન માટે જુદા-જુદા વળાંકો અને આકારોનો મહાવરો કરાવવો.

૨.અક્ષરોના મરોડ, કદ, અક્ષર-અક્ષર વચ્ચેની જગ્યા રાખે તેની કાળજી રાખવી.

૩.અક્ષરોની રચના, સીધી લીટીમાં લખાણ, લખાણની સ્વચ્છતા,અક્ષરોના વળાંક, અક્ષરોના કદની એકતા અને સુવાચ્ય લખાણ પ્રત્યે વધારે ધ્યાન આપવું.

૪. શિક્ષકે સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર કરવાનો છે જેથી બાળકોને લેખનમાં મુશ્કેલી પડે નહીં.

૫.સારા અક્ષરે યોગ્ય વિરામચિહનો સાથે અનુલેખન કરાવવું.

૬.સાચી જોડણી અઘરી નથી તેનો ખ્યાલ રાખીને સાચી જોડણી લખવી.

૭.શુદ્ધ લેખન શુદ્ધ ઉચ્ચાર પર આધાર રાખે છે તેનો ખ્યાલ રાખવો.

૮.પ્રાદેશિકતાની અસરથી બચવું જેથી લેખનમાં અશુદ્ધ ભાષા પ્રવેશે નહી.

૯.બાળકો અક્ષરો,શબ્દો,વાક્યો, કે ફકરો લખે ત્યારે ગુજરાતીમાં લીટી નીચે લખે તેનું ખાસ ધ્યાન રાખવું

૧૦. બાળકોને હાંસિયો અને ફકરો પાડતા શીખવવું

૧૧. કા.પા.ઉપરનું શિક્ષકનું લખાણ શુદ્ધ,સુવાચ્ય અને સુંદર હોવુ જોઇએ.

૧૨. બાળક જેવું સાંભળે છે,તેવું લખે છે.તેથી શિક્ષકે શ્રવણના સારા અનુભવો પૂરા પાડવા.

૧૩. બાળક જેવું બોલે છે, તેવું લખે છે.તેથી તેનું કથન શુદ્ધ ઉચ્ચારણથી થાય તે બાબતે કાળજી રાખવી.

૧૪. શ્રુતલેખન માટે ક્રમ સરળતાથી કઠિન તરફ રાખવો અને તે રોજ કરાવવું.

૧૫. સ્વતંત્ર લેખન માટે શિક્ષકે જરૂરી અનુભવો પૂરા પાડવા અને સતત માર્ગદર્શન આપવું.

# ગણન વિષયવસ્તું

- ગણનની શરૂઆત સંખ્યાજ્ઞાનથી થાય છે.૧ થી ૫૦ સુધી ધોરણ-૧માં ,૫૧ થી ૧૦૦ ધોરણ -૨માં,૧૦૦ થી ૯૯૯ ધોરણ-૩માં ,૧૦૦૦ થી ૯૯૯૯ ધોરણ- ૪ અને ૧૦૦૦૦ થી ૧ કરોડ સુધીનું સંખ્યાજ્ઞાન ધોરણ-૫ માં આમ ધો-૫ સુધી ક્રમશઃ સંખ્યાજ્ઞાન શીખવવાનું હાય છે.સંખ્યાજ્ઞાનમાં અંકોની ઓળખ,વાચન અને લેખનની સાથે સંખ્યાક્રમ એટલે કે આગળની પાછળની અને વચ્ચેની સંખ્યા,સ્થાનકિમંત, નાની મોટી સંખ્યા,ચઢતા-ઊતરતોક્રમ,સંખ્યા વિસ્તાર,એકી બેકી સંખ્યાનું જ્ઞાન પણ દરેક ધોરણ મુજબ આપવાનુ હોય છે.
- સંખ્યાજ્ઞાન બાદ ગણનની ચાર ક્રિયાઓ સરવાળા ,બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનુ જ્ઞાન ધોરણ મુજબ ફાળવેલ અભ્યાસક્રમ પ્રમાણે આપવાનું હોય છે.
- ઉપરમુજબ સંખ્યાજ્ઞાન અને ચારક્રિયાઓ પૈકી વિધાર્થી જયાં નબળુ છે ત્યાંથી ગણનકાર્ય કરાવવુ. દા.ત.ધો-૩માં પ્રવેશ પામેલ બાળકને ધો-૨ના ગણન હેતુઓ મુજબ ૫૧ થી ૧૦૦ સંખ્યાજ્ઞાન તેમજ બે અંકના સરવાળા જેમનો સરવાળો ૯૯ થી વધતો નહોય તથા વદ્દી વગરના અને વદ્દીવાળા તેમજ બાદબાકી નુ જ્ઞાન હોવુ જોઇએ. જો બાળકને સંખ્યાજ્ઞાનમાં સ્થાનકિમંતમાં કચાશ ધરાવતા હોય તો ત્યાંથી તેનું શિક્ષણકાર્ય કરવું.બાળકને વદ્દીવાળા સરવાળા માં કચાશ હાયે તો ત્યાંથી શિક્ષણકાર્ય કરવું.

- **સંખ્યાજ્ઞાન ૧થી ૯૯ સુધી (બે અંક )**
- **સંખ્યાજ્ઞાન ૧૦૦ થી ૯૯૯ સુધી (ત્રણ અંક )**
- **સંખ્યાજ્ઞાન ૧૦૦૦ થી ૯૯૯૯ સુધી (ચાર અંક )**
- **સંખ્યાજ્ઞાન ૧૦૦૦૦ થી કરોડ સુધી**

## ❖ સંખ્યાજ્ઞાન માટે જરૂરી ટી.એલ.એમ.

૧. મૂર્ત વસ્તુઓ (મણકા,કચૂકા,ગોળ નાના પથ્થર,નાના શંખ,છીપલા,કોડી,બંગડીના કાચ,ઠંડાપીણાની બોટલના ઢાંકણા,લખોટી, દીવાસળી, સ્ટ્રો.....વગેરે)

૨. મણકાઘોડી

૩. અંકપત્તા ૧ થી ૧૦૦ અંકમાં અને શબ્દોમા ૫૧ એકાવન

૪. ચેક્સકાર્ડ



એક સો - ૧૦૦ એક દશક બે એકમ ૧૧૨

૫.સંખ્યાકાર્ડ અંકમાં અને શબ્દોમા ૪૯૨ ચાર સો બાણું

૬. અંક ચાર્ટ ૧ થી ૧૦૦

❖ અંકજ્ઞાનમાં અંકનું ગણન, ઓળખ,વાંચન અને લેખન એ ક્રમ મુજબ અંક જ્ઞાન આપવું. સૌપ્રથમ ૧ થી ૫ ત્યારબાદ ૬ થી ૧૦ પછી ૧૧ થી ૨૦ એમ ક્રમશ: અંક જ્ઞાન આપવું. જેના માટે મૂર્ત વસ્તુઓ અને અંકકાર્ડનો ઉપયાગ કરવો સાથે વિવિધ પ્રવૃતિઓ પણ કરાવવી.

જેમ કે અંક જેટલા ચાંદલા ચોંટાડવા, રેતીયા અંક બનાવવા. અંકમાં રંગ પૂરણી વગેરે.

❖ દસ - દસ મણકાઓની એવી દસ માળા બનાવવી. એક માળા એટલે દસ નુ એક જુથ. આમ એક દસ એટલે ૧૦, બે દસ એટલે ૨૦ એવી બાળકોને સમજ આપવી. અને બાળકો પાસે વારંવાર બોલાવવું.

❖ દસ  મણકાની એક માળા અને એક છુટો મણકો એટલે એક દસ અને એક છુટો મણકો (એક એકમ) એટલે ૧૧ (અગિયાર ) થાય.એવી સમજ આપવી સાથે અગિયારનું અંક કાર્ડ પણ બતાવવું જેથી ૧૧ અંકમા અને શબ્દમાં કેવી રીતે લખાય તેની પણ સમજ આપી શકાય.આ રીતે ૧ થી ૯૯ સુધીનું સંખ્યાજ્ઞાન આપી શકાય. મણકાના સ્થાને દિવાસળીઓ અને સ્ટ્રોનો પણ ઉપયોગ કરી શકાય.

❖ ૧૦૦ થી ૯૯૯ સુધીનું સંખ્યાજ્ઞાન માટે ચેકસકાર્ડનો આગળ બતાવ્યા મુજબ ઉપયોગ કરી શકાય.

❖ ૧૦૦ મણકાની માળા બનાવીને પણ ૧૦૦૦ થી ૯૯૯૯ સુધીનું સંખ્યાજ્ઞાન આપી શકાય.

❖ આ સાથે સંખ્યાકાર્ડનો પણ ઉપયોગ કરવો.

❖ બાળકો અંકોના લેખનકાર્ય દરમિયાન વધારે ભૂલો કરતા હોય છે. જેમ કે શિક્ષક દ્વારા ૩૦૫ લખાવાય તો બાળકો ૩૫ લખે છે.આનું મુખ્ય કારણ શૂન્યની સમજ, સંખ્યાના સ્થાન અને સ્થાનકિમંતનના જ્ઞાનનો અભાવ છે.એ માટે સંખ્યાનો વિસ્તાર તથા સખ્યામાં ૦ અંક આવે તેવી સંખ્યાના વાચન અને લેખનનો વધારે મહાવરો કરાવવો.તેમજ  સંખ્યાના વાચન વખતે જે સ્થાનનો ઉલ્લેખ ન થાય તે સ્થાનની જગ્યાએ ૦ મૂકવું એવી પ્રાથમિક સમજ બાળકાને આપવી.

## ➢ સ્થાનકિંમત :-

❖ **સ્થાનકિંમત માટે જરૂરી ટી.એલ.એમ**

૧. મણકાઘોડી (દસ હજાર,હજાર,સો,દશક,એકમ સ્થાન દર્શાવતી)




❖ મણકાઘોડીમાં મણકા પરોવી સ્થાન પ્રમાણે ગણતરી કરાવી બનતી સંખ્યા સ્થાનકિમંત બોર્ડમાં લખાવવી. અને તે દરેક સ્થાનની સ્થાનકિમંત લખાવવી.

૨. સ્થાનકિંમત બોર્ડ

| દસ લાખ | લાખ | દસ હજાર | હજાર | સો | દશક | એકમ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૩. સંખ્યા રમત બોર્ડ




❖ બાળકો ગોળ પથ્થર,લખોટી કે મણકા બોર્ડ,પર નાખશે. જે સ્થાનમાં જેટલા મણકા કે લખોટી આવે તેની ગણતરી કરી સંખ્યા લખશે અને વાંચશે. તે દરેક સ્થાનની સ્થાનકિંમત કહેશે. આ રીતે રમત આગળ ચાલશે.

❖ બાળકોને ૧ દશક એટલે દસ (૧૦),૨ દશક એટલે વીસ(૨૦)...... તથા ૧ સો એટલે એક સો (૧૦૦),૨ સો એટલે બ સો (૨૦૦) .. ... એમ વાચન અને લેખનનો મહાવરો કરાવવો.

➢ **સંખ્યાક્રમ(ની આગળ,ની પાછળ,ની વચ્ચેની સંખ્યા)**

❖ **સંખ્યાક્રમ માટે જરૂરી ટી.એલ.એમ**

૧. અંક પટ્ટી

| ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ | ૬૧ | ૬૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

❖ આપેલ અંકપટ્ટી પર જે સંખ્યા પર તીર દર્શાવલ હોય તે સંખ્યાની આગળની અને પાછળની સંખ્યા બાળકો પાસે બોલાવવી. જેમ કે ૫૮ ની આગળની સંખ્યા ૫૭ છે.અને પાછળની સંખ્યા ૫૯ છે. આમ વારંવાર સમજ આપવી. આવી એક કરતા વધારે અંકપટ્ટી બનાવી શકાય.

**૨.**કોષ્ટક - કાર્ડ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૧ | ૧૦૬ | ૧૧૧ | ૧૧૬ | ૧૨૧ | ૧૨૬ |
| ૧૦૨ | ૧૦૭ | ૧૧૨ | ૧૧૭ | ૧૨૨ | ૧૨૭ |
| ૧૦૩ | ૧૦૮ | ૧૧૩ | ૧૧૮ | ૧૨૩ | ૧૨૮ |
| ૧૦૪ | ૧૦૯ | ૧૧૪ | ૧૧૯ | ૧૨૪ | ૧૨૯ |
| ૧૦૫ | ૧૧૦ | ૧૧૫ | ૧૨૦ | ૧૨૫ | ૧૩૦ |

❖ કોષ્ટક કાર્ડ માં આપેલી સંખ્યો પૈકી કોઇ એક સંખ્યા પસંદ કરી તેની આગળની અને પાછળની તથા કોઇ બે સંખ્યા પસંદ કરી તેમની વચ્ચેની સંખ્યા શીખવી શકાય.

**૩.**ફ્લેશકાર્ડ

૫૭૩

❖ સંખ્યાક્રમ શીખવવા માટે બાળકાને સંખ્યા આડી હરોળમાં સળંગ લખાવવી. જેમ કે

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧ ૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧...

આ પ્રમાણે લખાવતા ૧૧ ની પહેલા ૧૦ આવે તે સરળતાથી કહી દેશે. જયારે ઊભી હરોળમાં બાળક ગુંચવણ અનુભવે છે.

## ➢ નાની મોટી સંખ્યા:-

### ❖ નાની મોટી સંખ્યા માટે જરૂરી ટી. એલ.એમ

૧. મૂર્ત વસ્તુઓ..

૨. સંખ્યા કાર્ડ

૩. સ્થાન કિંમત બોર્ડ

૪. અંક પટ્ટી

❖ મૂર્ત વસ્તુઓ દ્વારા ધો-૧ અને ૨માં ૧ થી ૧૦૦ સુધી સંખ્યામાં નાની મોટી સંખ્યા નકકી કરવા ઓછાપણુ અને વધારેપણુ નો ખ્યાલ દ્દઢ કરાવી નાની મોટી સંખ્યાની સમજ આપી શકાય.જેમ કે

| ********* <br> *** | ********* <br> ***** |
|---|---|
| ૧૨ | ૧૪ |

ઉપરની સંખ્યાઓ પૈકી વધારે ચિત્રોવાળી સંખ્યા ૧૪ મોટી છે.જયારે ઓછા ચિત્રોવાળી સંખ્યા ૧૨ નાની સંખ્યા છે.

❖ ૧૦૦ થી ૯૯૯૯ સુધી માં સંખ્યાના સ્થાનની સરખામણી કરાવી નાની મોટી સંખ્યા નકકી કરી શકાય. આ માટે પાઠયપુસ્તકમાં સરળ પધ્ધતિઓ આપેલ છે.

## ➢ ચઢતો -ઊતરતો ક્રમઃ-

❖ **ચઢતો -ઊતરતો ક્રમ માટે જરૂરી ટી.એલ.એમ.**

૧. સાપસીડી

૨. સખ્યા કાર્ડ

૩. પગથિયાં ચાર્ટ

૪. સતોડિયાના પાસા

❖ સંખ્યાજ્ઞાનમાં બાળકો માટે સૌથી વધારે કઠિન મુદ્દો ચઢતા-ઊતરતો ક્રમ છે.તેનુ મુખ્ય કારણ નાની મોટી સખ્યા નકકી કરવાનો અભાવ અને પ્રારંભિક તબકકેથી ચઢતા અને ઊતરતા ક્રમની જાણકારી નો અભાવ.

❖ બાળકોને ત્રણ કે ચાર અંકની સંખ્યામાં ચઢતા અને ઊતરતા ક્રમમાં સંખ્યા ગોઠવતા ન આવડે તો એક અને બે અંકની સંખ્યા માટે ચઢતા અને ઊતરતા ક્રમમાં સંખ્યા ગોઠવવાનો મહાવરો કરાવવો.આ માટે પ્રાથમિક તબકકે વર્ગખંડમાં નીચે મુજબની પ્રવૃતિઓ કરાવવી.

❖ શાળામાં આવેલા પગથિયાં ઉપર ૧,૨,૩,.....૧૦,૧૧....૫૦ જયાં સુધી હોય ત્યાં સુધી નંબર મારવાં વિદ્યાર્થીઓને પગથિયાં ઉપર ચઢવા કહેવું, કોઇપણ સૂચના વગર.વિદ્યાર્થીઓને પગથિયા પરથી ઉતરવા કહેવું, કોઇપણ સૂચના વગર. હવે, સંખ્યા વાચતા ચડવા કહેવું તેમજ ઉતરતા કહેવુ. ચડતા વખતે સંખ્યા વધે છે તેનો ચડતો ક્રમ કહેવાય એમ સમજાવવુ. ઊતરતા વખતે સંખ્યા ઘટે છે તેને ઊતરતો ક્રમ કહેવાય એમ સમજાવવું

❖ વર્ગમાં સતોડિયાની સાત કુકરી હોય એમ નાના બાળકા તેની સાઝઇ પ્રમાણે રીંગ ભેરવે એવી રમતની કુકરી લઇ ચડતો-ઊતરતો ક્રમ સમજાવવો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. | ૧૩. |

૨.સખ્યા કાર્ડ

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | ૧૦ | | | | | | | | | |
| | | | | | | | | ૯ | | ૯ | | | | | | | | |
| | | | | | | | ૮ | | | | ૮ | | | | | | | |
| | | | | | | ૭ | | | | | | ૭ | | | | | | |
| | | | | | ૬ | | | | | | | | ૬ | | | | | |
| | | | | ૫ | | | | | | | | | | ૫ | | | | |
| | | | ૪ | | | | | | | | | | | | ૪ | | | |
| | | ૩ | | | | | | | | | | | | | | ૩ | | |
| | ૨ | | | | | | | | | | | | | | | | ૨ | |
| ૧ | | | | | | | | | | | | | | | | | | ૧ |

❖ બાળકોને સંખ્યાના કાર્ડ આપી પોતાના અંકકાર્ડ પ્રમાણે શિક્ષકશ્રીની સૂચના મુજબ ચઢતા ક્રમમાં અને ઊતરતા ક્રમમાં એક બીજાની પાછળ ઊભા રહેવાની કે બેસવાની રમત રમાડી શકાય.

## ➢ સરવાળા વદ્દી વગરના  અને વદ્દી વાળા

- સરવાળામાં બાળકો બે અંકમાં જવાબ આવે તો વદ્દી પાડવાની , વદ્દી ઉમેરવાની ભૂલો કરતા હોય છે. આડી હરોળની સંખ્યા ઊભી હરોળમાં સ્થાન પ્રમાણે લખી શકતા નથી.

એકમના સ્થાનને બદલે  ડાબી બાજુથી સરવાળો કરવાની શરૂઆત કરે છે.

- બાળકોને આવી ભૂલો વ્યકિતગત ધ્યાન આપી સુધારાવવી જોઇએ.

## ❖ સરવાળા વદ્દી વગરના  અને વદ્દી વાળા માટે જરૂરી ટી.એલ.એમ.

૧. મૂર્ત વસ્તુઓ

૨. ચિત્રો દોરેલા કાર્ડ

☆☆☆☆     △△△△△

- ધો-૧માં મૂર્તવસ્તુઓ અને ધો-૨ માં અર્ધમૂર્ત વસ્તુઓ જેવી કે ચિત્રો દોરેલા કાર્ડ નો ઉપયાગ કરી ગણતરી કરાવી સરવાળા દ્રઢ કરાવી શકાય.

☆☆☆☆ + ☆☆☆ = ☆☆☆☆☆☆☆

## ❖ સરવાળા વદ્દી વગરના  અને વદ્દી વાળા માટેની રમતો

### ૧. જોડીની રમત

- સૌ પ્રથમ વિદ્યાર્થીઓને મેદાનમાં લઇ જવા.
- સંખ્યા બોલી જૂથ બનાવવા.
- અહીં બોલેલ સંખ્યા કરતા જૂથમાં વધે કે ઓછી સંખ્યા હોય તે બહાર કાઢવા
- ત્યારબાદ ફરી જૂથને ભેગા કરી સરવાળો કરાવવો.
- પાછુ એક જૂથ બોલવો.
- વિદ્યાર્થીઓના જૂથ થતા બાકી રહેલ ને ઉપર મુજબ બહાર કાઢવા.
- આમ ઘણીવાર રમાડતાં સરવાળો દ્દઢ થશે.

### ૨. આંગળી તથા વેઢા ગણવાની રમત

- આંગળીઓ ગણવા કહેવું. એક હાથની અને બીજા હાથની.

- ત્યારબાદ તેનો સરવાળો કરવા કહેવું
- વેઢા ગણવા કહેવુ,બે આંગળીના અને બીજી ત્રણ આંગળીના.
- તેનો સરવાળો કરવા કહેવુ.
- આ ક્રિયાનુ વારંવાર પુનરાવર્તન કરાવી દ્ઢીકરણ કરવું

## ➢ બાદબાકી દશક વગરની અને દશક વાળી:-

બાદબાકીમાં બાળકો સૌથી વધારે દશકાવાળી બાદબાકીમાં સૌથી વધારે ભૂલો કરે છે.તેમાં પણ સંખ્યામાં ૦ અંક હોય તેવી બાદબાકીમાં વધારે ભૂલો કરે છે. જેમ કે.

```
   ૩ ૦ ૦
-  ૧ ૨ ૫
```

| ૨ | ૧૦-૧= ૯ | ૧૦ |
|---|---|---|
| **સો** | દશક | એકમ |
| ૩ | ૦ | ૦ |
| ૧ | ૨ | ૫ |
| ૧ | ૭ | ૫ |

બાળકોને આવી બાદબાકી કરાવતા પહેલા એ સમજ આપવી જોઇએ કે જે સ્થાનના અંકો ની બાદબાકી માટે દશક લેવાની જરૂર પડે ત્યારે તે સ્થાનના સૌથી નજીકના સ્થાને થી દશક લઇ શકાય .જ્યારે આપણે દશક લઇએ ત્યારે દશક સ્થાને થી એક ૧૦ મળે,સો ના સ્થાને થી ૧૦૦ એટલે કે ૧૦ દશક મળે,હજાર ના સ્થાનેથી ૧૦૦૦ એટલે કે ૧૦ સો મળે.એવી સમજ બાળકોને આપવી જોઇએ.અને આપણને પણ હોવી જોઇએ.

ઉપરની સંખ્યા માટે બાદબાકી કરાવતા સોથી પહેલા એકમના સ્થાનથી બાદબાકીની શરૂઆત

થાય. જેમા ૦ માંથી ૫ બાદ ન થતા બાજુના દશકના સ્થાનેથી દશક લેવો પડે.પરંતુ દશકના સ્થાનમાં ૦ અંક હોય તેની સ્થાનકિમંત ૦ છે.ત્યાંથી દશક મળે નહી,તો હવે દશક પછીના સ્થાન સો ના સ્થાનેથી દશક લેતા ૧૦ દશક મળે જે ૧૦ દશકના સ્થાનને મળે.હવે ૧૦ દશકમાંથી ૧ દશક લઈને એકમના સ્થાનને આપી એકમનો અંક ૦ ઉમેરતા ૧૦ મળે. અને દશકના સ્થાને ૧ દશક ઓછો થતા ૯ દશક રહે..દશકના સ્થાનમાં તો ૯ જ લખાય જેની સ્થાન કિમંત ૯૦ એટલે કે ૯ દશક થાય. આપણે આવી સમજ જ આપવાની છે.હવે બાળકો સરળતાથી બાદબાકી કરશે.

- ઉપરની બાદબાકી શીખવવા માટે એક નાની વાર્તા પણ બાળકોને કહી શકાય

ત્રણ મિત્રો હતા.ઢોલુ, મોલુ અને ભોલુ. રવિવારની રજા હતી,એટલે ત્રણેય મિત્રો બજારમાં ફરવા નીકળ્યા.બજારમાં ફરતા-ફરતા ભોલુને યાદ આવ્યું કે મારે એક બોલપેન લેવાની છે. મોલુ કહે મારે એક પેન્સિલ લેવાની છે. ઢોલુ કહે મારે પણ બહેન માટે એક રબ્બર લેવાનુ છે.ત્રણેય મિત્રો દુકાનમાં ગયા.દુકાનદાર પાસેથી ભોલુએ ૫ રૂ.ની પેન ખરીદી. પછી ભોલુને યાદ આવ્યું કે મારી પાસે તો પૈસા જ નથી, એટલે ભોલુએ મોલુ પાસે પૈસા માગ્યા.મોલુ કહે પૈસા તૌ મારી પાસે પણ નથી.ત્યાં ઢોલુએ કહયું કે મારી પાસે ૩૦૦ રૂ. છે.હુ તમને પૈસા આપીશ તમે ખરીદી કરો.ઢોલુએ પોતાના ૩૦૦ રૂ.માંથી ૧૦૦ રૂ.મોલુને આપ્યા.ઢોલુ પાસે હવે ૨૦૦ રૂ.એટલે કે ૧૦૦ રૂ ની ૨ નોટ વધી.મોલુએ પોતાના ૧૦૦ રૂ.માંથી ૧૦ રૂ. ભોલુને આપ્યા,હવે મોલુ પાસે ૯૦ રૂ. એટલે ૧૦ રૂની ૯ નોટ વધી.અને ભોલુ પાસે ૧૦ રૂ.થઇ ગયા.હવે ત્રણેય મિત્રો પોતાના પૈસાથી ખરદી કરીને ઘેર પાછા ગયા.

- બાદબાકી શીખવવા માટે

❖ **બાદબાકી દશક વગરની અને દશક વાળી માટે જરૂરી ટી.એલ.એમ.**

❖ ૧.મૂર્ત વસ્તુઓ

૨. ચિત્રો દોરેલા કાર્ડ

| ☆ ☆ ☆ ☆ | △ △ △ △<br>△ △ |
|---|---|

૩.૧૦૦, ૧૦ અને ૧ ખાના વાળા ચેકસકાર્ડ,

૪. સ્ટ્રો, દીવાસળીઓ વગેરે.

- બે અંકની સંખ્યાની બાદબાકી માટે મૂર્ત વસ્તુઓ.અર્ધમૂર્ત વસ્તુઓ એટલે કે ચિત્રો ધરાવતા કાર્ડ વગેરેની મદદથી ગણતરી કરાવી શકાય.

## ❖ બાદબાકી દશક વગરની અને દશક વાળી માટે ની રમતોઃ-

### ૧. બાળકોને છુટા પાડવાની રમત-

- વર્ગમાં બાળકોની કુલ સંખ્યાની ગણતરી કરાવવી.
- ત્યારબાદ એમાંથી છોકરા/છોકરીઓ બેસી જાય એમ સૂચના આપવી.
- બાકી કેટલી છોકરીઓ રહી એમ ગણતરી કરાવવી.
- આ કાર્યની નોંધ ફલક પર કરવી.

ઉ.દા. કુલ ૪૫ વિદ્યાર્થીઓ ઉભા રહયા.

તેમાંથી ૩૦ છાકરાઓ હતા. જે બેસી ગયાં તો બાકી કેટલા બચે?

  ૪ ૫ કુલ વિદ્યાર્થી

- ૩ ૦ છોકરાઓ

  ૧ ૫ છાકરીઓ એમ લખીને સમજાવવું

### ૨. કુંડાળા કે ડોલમાં બોલ કે લખોટી નાખવાની રમત

- એક કુંડાળું કરવું કે ડોલ લેવી.
- વિદ્યાર્થીને ૪૩ લખોટી એકસાથે આપવી. કુંડાળામાં નાખવા કહેવી.

- કુંડાળામાં રહેલ લખોટી ને ગણવા કહેવું (ધારો કે ૩૩)
- બાકી કેટલી બહાર છે. એ બાદબાકીની મદદથી સમજાવવું
- ફલક પર નોંધવું

```
    ૪ ૩
  - ૩ ૩
  -----
    ૧ ૦
```

- કુલ ૧૦ લખોટી બહાર રહી એમ કહેવાય.

## ➢ વ્યવહારુ કોયડા સરવાળા- બાદબાકી:-

### ❖ વ્યવહારુ કોયડા સરવાળા- બાદબાકી માટે જરૂરી ટી.એલ.એમ.

૧. મૂર્ત વસ્તુઓ.

❖વ્યવહારુ કોયડા સરવાળા- બાદબાકીની સમજ આપતી વખતે બાળકો સાથે વિવિધ પ્રશ્નોત્તરી કરવી.ત્યારબાદ સરવાળા કે બાદબાકીની ક્રિયા કરાવવી.

ઉ.દા.- એક શાળાપુસ્તકાલયમાં ૩૩૨ પુસ્તકો હતા તેમાંથી ૧૦૨ પુસ્તકો રદ થયા તથા ૬૦ નવા પુસ્તકા ખરીદ્યા તો હવે. શાળાપુસ્તકાલયમાં કેટલા પુસ્તકો હશે?

- શાળાપુસ્તકાલયમાં કેટલા પુસ્તકો હતા?
- કેટલા પુસ્તકો રદ થયા?
- પુસ્તકો રદ થતા પુસ્તકાલયમાં પુસ્તકોની સંખ્યા વધે કે ઓછી થાય ?
- સંખ્યા ઓછી થાય તો સરવાળો થાય કે બાદબાકી ?
- શાળાપુસ્તકાલયમાં કેટલા નવા પુસ્તકો ખરીદ્યા?
- નવા પુસ્તકો ખરીદતા પુસ્તકાલયમાં પુસ્તકોની સંખ્યા વધે કે ઓછી થાય?

- સંખ્યા વધે તો સરવાળો થાય કે બાદબાકી?

## ➢ ઘડિયા ૧થી ૨૦:-

### ❖ ઘડિયા ૧થી ૨૦ માટે જરૂરી ટી.એલ.એમ.

૧. ઘડિયા ચાર્ટ

૨. ઘડિયા ચક્ર

❖ બાળકોને શરૂઆતમાં ઘડિયાની રચના કેવી રીતે થાય છે તેની સમજ આપવી.બાળકો પાસે જાતે ઘડિયાની રચના કરાવવી.

## ગુણાકાર (બે અને ત્રણ અંક વડે):-

### ❖ ગુણાકાર (બે અને ત્રણ અંક વડે)માટે જરૂરી ટી.એલ.એમ.

૧.ઘડિયા ચાર્ટ

બાળકો બે કે ત્રણ અંક વડે જ્યારે ગુણાકાર કરે છે ત્યારે દશકના ૦ મુકવાની ભુલો વધારે કરે છે.તે માટે ગુણક ના દરેક અંકની સ્થાનકિંમત સાથે અલગ અલગ ગુણાકાર કરાવવો.જેમ કે.

  ૨ ૪
× ૧ ૫ - ગુણકના અંક ૧ની સ્થાનકિંમત ૧૦ અને ૫ ની સ્થાનકિંમત ૫ વડે ગુણાકાર કરાવી પછી બન્નેનો સરવાળો કરાવવો.

| | | |
|---|---|---|
| ૨ ૪ | ૨ ૪ | ૨ ૪ ૦ |
| × ૧ ૦ | × ૫ | + ૧ ૨ ૦ |
| ૨૪૦ | ૧૨૦ | ૩ ૬ ૦ |

## ભાગાકાર:-

### ❖ ભાગાકાર માટે જરૂરી ટી.એલ.એમ.

૧. ઘડિયા ચાર્ટ

બાળકો ને ભાગાકાર માં ઘડિયામાં ભાજ્યની સંખ્યા ન આવતી હોય ત્યારે વધારે ગુંચવણ

અનુભવે છે. જેમ કે   ૮ ÷ ૩   આ સંખ્યાના ભાગાકાર કરાવતી વખતે બાળકોને જેના વડે ભાગવાના છે તે ભાજક સંખ્યાનો સંપૂર્ણ ઘડિયો લખાવી અથવા ઘડિયાચાર્ટની મદદથી ભાજ્ય સંખ્યા ૮ થી ગુણાકાર વધી જાય ત્યાં અટકી તેનાથી આગળની સખ્યાના ગણાકાર વડે જ ભાગાકાર થાય એવી સમજ આપવી.આ રીતનુ. વારંવાર  પુનરાવર્તન અને દ્રઢીકરણ કરાવતા બાળકને દ્રઢ થઇ જશે.   ૩ × ૧ =૩

૩ × ૨ =૬ √

~~૩ × ૩ =૯~~

- બાળકો  ભાગાકારમાં ભાજયમાં આવેલો અંક ભાજક કરતા નાનો હોય ત્યારે ભાગી ન શકાય તે માટેનું ૦ ન મુકવાની ભુલ કરે છે.આપણે શરૂઆતથી જ બાળકોને એવુ દ્રઢ કરાવીએ છીએ કે ભાગ ન ચાલે તો ભાગફળમાં ૦ મુકવું. પરંતુ આપણે ગુણાકાર માં શીખવીએ છીએ કે કોઇ પણ સંખ્યાને ૦ વડે ગુણવામાં આવે તો ગુણાકાર ૦ થાય છે. જો ઘડિયાની શરૂઆત ૦ થી કરવામાં આવે તો.દા.ત. ૨ × ૦ = ૦ થાય ત્યાર બાદ ૨×૧=૨

```
    १ ० ५
५ )५ २ ५
    ५
    ० २ ५
       २ ५
       ० ०
```

૫ × ૦ = ૦
૫ × ૧ = ૫
૫ × ૨ = ૧૦
૫ × ૩ = ૧૫
૫ × ૪ = ૨૦
૫ × ૫ = ૨૫

- ઉપરના ઉ.દા.માં બાળકને સ્પષ્ટ સમજ પડી જશે કે ભાજ્ય અંક ૨ ને ૫×૧=૫ થી ન ભાગી શકાતા ૫×૦=૦ થી ભાગ ચલાવવો પડે છે.જેથી ભાગફળમાં ૦ મળે છે.આમ પ્રારંભિક તબકકે આવી સમજ આપી ત્યાર બાદ બાળકોને કહી શકાય કે ટૂંકમાં ભાગ ન ચાલે ત્યારે ૦ મુકવું

❖ ગુણાકાર અને ભાગાકાર માટે પાઠયપુસ્તકોમાં આપેલ રીતની સમજ આપી તેનો વારંવાર મહાવરો કરાવવો.

## વ્યવહારુ કોયડા ગુણાકાર -ભાગાકાર

❖ **વ્યવહારુ કોયડા ગુણાકાર -ભાગાકાર ની સમજ આપતી વખતે બાળકો સાથે વિવિધ પ્રશ્નોત્તરી કરવી.ત્યારબાદ ગુણાકાર -ભાગાકાર ની ક્રિયા કરાવવી.**

❖ **ઉ.દા. એક પેનની કિંમત ૧૦ રૂ.હોય તો ૬ પેનની કિમંત કેટલી થાય?**

- એક પેનની કિંમત કેટલી છે?
- કેટલી પેનની કિમંત શોધવાની છે?
- ૬ પેનની કિમંત ૧ પેન કરતા વધારે થાય કે ઓછી થાય?
- કિમંત વધારે થાય તો ગુણાકાર થાય કે ભાગાકાર?

### ➢ અવયવ:-

❖ **અવયવ માટે જરૂરી ટી.એલ.એમ.**

૧.ઘડિયા ચાર્ટ

૨. વિભાજય અને અવિભાજય સંખ્યાચાર્ટ

### ➢ અવિભાજય અવયવ:-

❖ **અવિભાજય અવયવ માટે જરૂરી ટી.એલ.એમ.**

**૧. વિભાજય સંખ્યાના અવિભાજય અવયવ ચાર્ટ**

**જેમ કે. ૪ = ૨ × ૨**

**૬ = ૨ × ૩**

**૮ = ૪ × ૨ = ૨ × ૨ × ૨**

## ૨. અવિભાજ્ય સંખ્યા ૨,૩,૫,૭ ના ઘડિયાચાર્ટ

| ૨ નો ઘડિયો | | | | | ૩ નો ઘડિયો | | | ૫નો ઘડિયો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ૨ ૨ | ૧૧ ૨ ૨૨ | ૨૧ ૨ ૪૨ | ૩૧ ૨ ૬૨ | ૪૧ ૨ ૮૨ | ૧ ૩ ૩ | ૧૧ ૩ ૩૩ | ૨૧ ૩ ૬૩ | ૧ ૫ ૫ |
| ૨ ૨ ૪ | ૧૨ ૨ ૨૪ | ૨૨ ૨ ૪૪ | ૩૨ ૨ ૬૪ | ૪૨ ૨ ૮૪ | ૨ ૩ ૬ | ૧૨ ૩ ૩૬ | ૨૨ ૩ ૬૬ | ૨ ૫ ૧૦ |
| ૩ ૨ ૬ | ૧૩ ૨ ૨૬ | ૨૩ ૨ ૪૬ | ૩૩ ૨ ૬૬ | ૪૩ ૨ ૮૬ | ૩ ૩ ૯ | ૧૩ ૩ ૩૯ | ૨૩ ૩ ૬૯ | ૩ ૫ ૧૫ |
| ૪ ૨ ૮ | ૧૪ ૨ ૨૮ | ૨૪ ૨ ૪૮ | ૩૪ ૨ ૬૮ | ૪૪ ૨ ૮૮ | ૪ ૩ ૧૨ | ૧૪ ૩ ૪૨ | ૨૪ ૩ ૭૨ | ૪ ૫ ૨૦ |
| ૫ ૨ ૧૦ | ૧૫ ૨ ૩૦ | ૨૫ ૨ ૫૦ | ૩૫ ૨ ૭૦ | ૪૫ ૨ ૯૦ | ૫ ૩ ૧૫ | ૧૫ ૩ ૪૫ | ૨૫ ૩ ૭૫ | ૫ ૫ ૨૫ |
| ૬ ૨ ૧૨ | ૧૬ ૨ ૩૨ | ૨૬ ૨ ૫૨ | ૩૬ ૨ ૭૨ | ૪૬ ૨ ૯૨ | ૬ ૩ ૧૮ | ૧૬ ૩ ૪૮ | ૨૬ ૩ ૭૮ | ૬ ૫ ૩૦ |
| ૭ ૨ ૧૪ | ૧૭ ૨ ૩૪ | ૨૭ ૨ ૫૪ | ૩૭ ૨ ૭૪ | ૪૭ ૨ ૯૪ | ૭ ૩ ૨૧ | ૧૭ ૩ ૫૧ | ૨૭ ૩ ૮૧ | ૭ ૫ ૩૫ |
| ૮ ૨ ૧૬ | ૧૮ ૨ ૩૬ | ૨૮ ૨ ૫૬ | ૩૮ ૨ ૭૬ | ૪૮ ૨ ૯૬ | ૮ ૩ ૨૪ | ૧૮ ૩ ૫૪ | ૨૮ ૩ ૮૪ | ૮ ૫ ૪૦ |
| ૯ ૨ ૧૮ | ૧૯ ૨ ૩૮ | ૨૯ ૨ ૫૮ | ૩૯ ૨ ૭૮ | ૪૯ ૨ ૯૮ | ૯ ૩ ૨૭ | ૧૯ ૩ ૫૭ | ૨૯ ૩ ૮૭ | ૯ ૫ ૪૫ |
| ૧૦ ૨ ૨૦ | ૨૦ ૨ ૪૦ | ૩૦ ૨ ૬૦ | ૪૦ ૨ ૮૦ | ૫૦ ૨ ૧૦૦ | ૧૦ ૩ ૩૦ | ૨૦ ૩ ૬૦ | ૩૦ ૩ ૯૦ | ૧૦ ૫ ૫૦ |

❖ ઉપર મુજબ બીજી અવિભાજ્ય સંખ્યાના ઘડિયા ચાર્ટ બનાવી શકાય

## ❖ ગણન કરાવતી વખતે રાખવાની કાળજી:-

૧. ગણિત વિષયમાં એકમો સરળ પરથી કઠિન તરફ હોય છે તે ખાસ ધ્યાન રાખવું.તે મુજબ જ શૈક્ષણિક કાર્ય કરાવવું.

૨. ગણનકાર્યની બાળકોની રૂબરુમા ચકાસણી કરી બાળકો પાસે જાતે ભૂલો સુધારાવવી.

૩. બાળકોને સોપેલ ગૃહકાર્યની નિયમિત ચકાસણી કરવી.

૪. પ્રાર્થનાસંમેલનમાં દરરોજ ૧ થી ૧૦૦ સુધીનું અંકગાન થાય તેમજ ઘડિયાનું ગાન કરાવવુ.તે માટે સાપ્તાહિક આયોજન કરવું.

૫. ૧ થી ૧૦૦ અંકગાન વખતે બાળકો અંક જોઇ શકે તે માટે અંકચાર્ટ કે અંકકાર્ડ બાળકોની સમક્ષ રહે તેવી વ્યવસ્થા કરવી.બાળક કેવળ અંક બોલે અને તેની સાથે અંકની ઓળખ પણ કરે તો અંકજ્ઞાન વધુ દ્રઢ બને. ઘડિયાગાન માટે પણ આ રીત અપનાવી શકાય

૬. બાળકોને ગણનકાર્ય કરાવતી વખતે પાઠયપુસ્તકમા આપેલ રીતો તેમજ બાળકોને સહેલાયથી સમજ આપી શકાય તેવી વિવિધ પ્રવિધિ-પ્રયુક્તિઓ યોજવી

**નોંધઃ-** આ મોડ્યુલમાં વાચન લેખન અને ગણન માટે આપેલી તમામ માહીતી માર્ગદર્શન માટે છે.જેમાં આપ વિષય તજજ્ઞ શિક્ષક મિત્રો તમારી કક્ષાએથી તમારા પોતાના વિચારઅનુભવો,સફળ પ્રયાગો, અવલોકનો નો સમાવેશ કરી મોડ્યુલને વધારે જ્ઞાનસભર બનાવી વર્ગખંડમાં ઉપયોગ કરી શકો છો.તથા જરૂરી સુચનો આવકાર્ય છે.

- મુલ્યાંકન કસોટી નમૂનારૂપ છે,તે પ્રમાણે નવા પ્રશ્નપત્રો આપી શકાય.

卐 卐

## વાચન  લેખન ગણન પ્રિટેસ્ટ        કુલ ગુણ- ૩૦

**શાળાનું નામ:-**                    **ધોરણ:-૨**        **સી.આર.સીનું નામ:-  દોલતપુરા**

## વાચન

પ્રશ્ન:-૧:- નીચે આપેલા શબ્દોનું વાચન કરો.                    ગુણ- ૧૦

૧. મગજ     ૨. સારસ     ૩. પાણી     ૪. વસંત     ૫. સુથાર

૬. મીઠાઈ     ૭ .દરિયો     ૮. ખેડૂત     ૯. ગૌરવ     ૧૦.પૈસાદાર

## લેખન

પ્રશ્ન:-૨:-નીચે આપેલા શબ્દોનું શ્રુતલેખન કરો.                    ગુણ- ૧૦

૧. નમન     ૨. વારસ     ૩. રિવાજ     ૪. પંખી     ૫. લાકડું

૬. ટોપલી     ૭. ઈયળ     ૮. ઉનાળો     ૯. કૈલાસ     ૧૦. મૌખિક

## ગણન

પ્રશ્ન:-૩:- નીચે આપેલાના જવાબ આપો તથા દાખલાઓની ગણતરી કરો.     ગુણ- ૧૦

(૧)  ૧થી ૨૦ મૂર્તવસ્તુઓની મદદથી ગણો.

(૨)  નીચે આપેલા અંકોનું લેખન અને વાચન કરાવવું.

૧૦   ૧૫   ૩૪   ૨૨   ૨૯   ૪૭   ૪૯   ૧૯   ૪૦

(૩)  ૧૫ = ..........+ ......... (૪)  ૧૩ = ......દશક ........એકમ

(૫)  ૫ + ૩ = ....... (૬)   ૭ - ૩ = ........

(૮) ૧૨ + ૪= ......... (૯) ૧૬ - ૬=.........

(૧૦)  ૫ લખોટીમાં ૨ લખોટી ઉમેરતા કેટલી લખોટી થાય ?

## <u>વાચન લેખન ગણન પ્રિટેસ્ટ</u>   કુલ ગુણ- ૩૦

**શાળાનું નામ:-**   **ધોરણ:-૩**   **સી.આર.સીનું નામ:- દોલતપુરા**

### <u>વાચન</u>

પ્રશ્ન:-૧:- નીચે આપેલા શબ્દો અને સાદા વાકયોનું વાચન કરો.   ગુણ- ૧૦

(૧) દાડમ (૨) તડકો (૩) વિચાર (૪) અર્પણ (૫) કાવ્ય

(૬) ક્ષય એક રોગ છે. (૭) ડાકોરમાં ઠાકોર રહે છે. (૮) મીઠાઇ સૌને ભાવે છે.

(૯) શ્રમ કરવો. (૧૦) રૂમાલ વાપરો.

### <u>લેખન</u>

પ્રશ્ન:-૨:- નીચે આપેલા શબ્દો અને સાદા વાકયોનું શ્રુતલેખન કરો.   ગુણ- ૧૦

(૧) આકાશ (૨) ઉનાળો (૩) પ્રાર્થના (૪) કૃપા (૫) શ્રવણ

(૬) મારી નિશાળ સુંદર છે. (૭) આ અમારુ ખેતર છે. (૮) વસંત દાણા નાખે છે.

(૯) નદીમાં પાણી છે. (૧૦) ઋષિ યજ્ઞ કરે છે.

### <u>ગણન</u>

પ્રશ્ન:-૩:- નીચે આપેલાના જવાબ આપો તથા દાખલાઓની ગણતરી કરો.   ગુણ- ૧૦

(૧) ઓગણસાહીઠને અંકમાં લખો...........

(૨) ૭૨ = .........દશક.........એકમ

(૩) આગળની સંખ્યા લખો. ..........૬૫

(૪) ૫૫ અને ૪૫ માંથી મોટી સંખ્યા .............છે.

(૫) ૪૫,૩૩,૫૬,૨૧ ને ચઢતા ક્રમ માં ગોઠવો.

(૬) $\begin{array}{r} ૪\ ૫ \\ +\ \underline{૧\ ૨} \end{array}$   (૭) $\begin{array}{r} ૫\ ૮ \\ +\ \underline{૨\ ૩} \end{array}$   (૮) $\begin{array}{r} ૪\ ૯ \\ -\ \underline{૧\ ૬} \end{array}$   (૯) $\begin{array}{r} ૬\ ૨ \\ -\ \underline{૨\ ૫} \end{array}$

(૧૦) મહેશ પાસે ૧૨ પતંગ હતા અને ૮ પતંગ દુકાનમાંથી ખરીદ્યા તો તેની પાસે કુલ કેટલા પતંગ હશે?

## વાચન  લેખન ગણન પ્રિટેસ્ટ        કુલ ગુણ- ૩૦

**શાળાનું નામઃ-**                    **ધોરણઃ-૪**          **સી.આર.સીનું નામઃ-  દોલતપુરા**

**વાચન**

પ્રશ્નઃ-૧ઃ- નીચે આપેલા ફકરાનું વાચન કરાવશે.                    ગુણ- ૧૦

જંગલમાં એક નદી છે. નદીમાં પાણી ખળખળ વહે છે. તેમાં ઘણી માછલીઓ છે.નદીમાં બતક પણ છે. બતક પાણીમાં તરે છે.

**લેખન**

પ્રશ્નઃ-૨ઃ- નીચે આપેલા ફકરાનું શ્રુતલેખન કરો.                    ગુણ- ૧૦

પોપટનો રંગ લીલો છે. પોપટને ગળે કાળો કાંઠલો હોય છે. તેની ચાંચ લાલ હોય છે. પોપટને મરચું બહુ ભાવે છે. લોકો પોપટને પાળે છે.

**ગણન**

પ્રશ્નઃ-૩ઃ- નીચે આપેલાના જવાબ આપો તથા દાખલાઓની ગણતરી કરો.     ગુણ- ૧૦

(૧) ત્રણ સો ચુમાળીસ ને  અંકમાં લખો...............

(૨) ૬૮૩  માં  ૮ ની સ્થાન કિંમત...............છે.

(૩) આગળની અને પાછળની  સંખ્યા લખો.  ............૪૨૩...........

(૪) ૫૫૬  અને  ૪૫૬ માંથી નાની સંખ્યા .............છે.

(૫) ૨૪૫,  ૩૩૩,  ૩૫૬,ને ચઢતા ક્રમ માં ગોઠવો.

(૬)  **૬ ૫ ૮ + ૨ ૪ ૩**    (૭)  **૫ ૪ ૦** - ૩ ૨ ૫  (૮) રીના પાસે **૮૭૫** રૂપિયા હતા,તેમાંથી તેણે **૪૬૦** રૂપિયાની  સ્કુલ બેગ ખરીદી,હવે તેની પાસે કેટલા રૂપિયા બાકી વધ્યા ?

(૯)  **૫ ૮**
**× ૬**

(૧૦) એક બોલપેનની કિંમત **૫** રૂપિયા હોય,તો એવી  ૮  બોલપેનની કિંમત કેટલી થાય ?

## વાચન  લેખન ગણન પ્રિટેસ્ટ        કુલ ગુણ- ૩૦

**શાળાનું નામ:-                    ધોરણ:-૫          સી.આર.સીનું નામ:-  દોલતપુરા**

**<u>વાચન</u>**

પ્રશ્ન:-૧:- નીચે આપેલા ફકરાનું વાચન કરાવશે.                    ગુણ- ૧૦

ગામમાં એક ડોશી રહે. એમને એકનો એક દીકરો .દીકરો ઘેટાં-બકરાં ચારવા જંગલમાં જાય.એક દિવસ આકાશમાં કાળાં વાદળ ઘેરાયાં. એ જોઈ ડોશીએ જંગલ તરફ દોટ મૂકી.

**<u>લેખન</u>**

પ્રશ્ન:-૨:- નીચે આપેલા ફકરાનું શ્રુતલેખન કરો.                    ગુણ- ૧૦

ઉનાળામાં સખત ગરમી પડે છે. ગરમીથી રાહત મેળવવા લોકો સફેદ સુતરાઉ કપડાં પહેરે છે.ઉનાળાનો બપોર ઘણો આકરો હોય છે. રસ્તા પર લોકોની અવરજવર ઓછી થઇ જાય છે. લોકો પંખા ચાલુ કરી ઘરમાં આરામ કરે છે.

**<u>ગણન</u>**

પ્રશ્ન:-૩:- નીચે આપેલાના જવાબ આપો તથા દાખલાઓની ગણતરી કરો.     ગુણ- ૧૦

(૧) ચાર હજાર પાંચસો પચાસ ને  અંકમાં લખો.................

(૨) ૬૭૪૨ માં  ૭ ની સ્થાન કિંમત................છે.

(૪) ૫૨૬૬  અને  ૫૪૪૬ માંથી નાની સંખ્યા ................છે.

(૪)  **૪૯૦૨**  +૩૨૨૯   (૫)  ૪૫૦૧  - ૩૨૬૧ (૬)  એક બગીચામા ૧૨૧૩ આસોપાલવ છે.૨૩૦ લીમડા અને  ૨૬ વડના ઝાડ છે. તો બગીચામાં કુલ કેટલા ઝાડ છે. ?

(૭)  **૨૧૩**     (૮)  ૧૨ ના બધા અવયવો આપો.

  **× ૧૫**

**(૯) ૪૮૬ ÷ ૩**

(૧૦)  ૨૫ ચોકલેટ ૫ બાળકોને સરખે ભાગે વહેંચતા દરેક બાળકને ભાગે કેટલી ચોકલેટ આવે ?

## <u>વાચન  લેખન ગણન પ્રિટેસ્ટ</u>                    કુલ ગુણ- ૩૦

**શાળાનું નામઃ-**                    **<u>ધોરણઃ-૬ થી ૮</u>**          **સી.આર.સીનું નામઃ-  દોલતપુરા**

### <u>વાચન</u>

પ્રશ્નઃ-૧ઃ- નીચે આપેલા ફકરાનું વાચન કરાવશે.                                    ગુણ-
૧૦

નિલેષ એના ચાર ભાઇબંધો સાથે રમતો હતો.એની બાએ એને પાંચ કેરી આપી. નિલેષે ચારે ભાઇબંધોને એકએક કેરી આપી અને પાંચમી કેરી પોતાના માટે રાખી. પોતાની કેરી ખાવા જતો હતો એવામાં એણે એક ગરીબ છોકરાને એમની તરફ અને એમની કેરી તરફ દયામણે ચહેરે જોતાં જોયો.

### <u>લેખન</u>

પ્રશ્નઃ-૨ઃ- નીચે આપેલા ફકરાનું શ્રુતલેખન કરો.                                    ગુણ- ૧૦

આશરે સો-સવા સો વર્ષ પહેલાંની આ ઘટના છે. છ વરસની કુમળી વયના એક બાળકે પોતાની માતા ગુમાવી છે. પિતા રામજીભાઇ લશ્કરી શાળામાં શિક્ષક છે. માતૃસુખ ગુમાવનાર પુત્રના વાંકડિયા વાળમાં પિતા હાથ પસવારી રહયા છે.

### <u>ગણન</u>

પ્રશ્નઃ-૩ઃ- નીચે આપેલાના જવાબ આપો તથા દાખલાઓની ગણતરી કરો.                          ગુણ-
૧૦

(૧) સત્તત લાખ અડત્રીસ હજાર આંઠસો નવને  ને  અંકમાં લખો.........................

(૨) ૪૫૬૭૬૨ માં  ૪ ની સ્થાન કિંમત........................છે.

(૩)  **૭૪ ૯૦૯** +૪૩૨૩૯     (૪)  એક જંગલમાં ૨૩૫૬૧૨ વૃક્ષો હતા. વાવાઝોડામાં ૪૦૮૯૯ વૃક્ષો પડી ગયા તો હવે જંગલમાં કેટલા વૃક્ષોબાકી રહયા ?

(૫)    **૨૧૪ ૬ × ૩૧૫**      (૬)    ૫૬ ના બધા અવયવો આપો.       **(૭) ૪૦૯૭ ÷ ૧૯**

(૮) એક ડઝન કાચના ગ્લાસની કિમંત ૧૨૦ રૂપિયા હોય તો એવા ૧૨ ડઝન ગ્લાસની કિમંત  કેટલી થાય ?

(૯) ૭૨ ના ભાગાકારની રીતે અવયવ પાડો. (૧૦) સાદુ રૂપ આપોઃ  ૧૨ + ૩૬ ÷ ૬ × ૫